EDII

Sandesh

October 30, 2023
Page No. 10

# મહિલા સાહસિકતાને લઈ નવેસરથી વિચારવું રહ્યું

૨૦૧૯માં વિશ્વ બેંકના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં ભારત ૬૨માં સ્થાને પહોંચી ગયું છે. વધુમાં, ભારત હવે વિશ્વમાં ત્રીજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ હોવાનું ગૌરવ ધરાવે છે. આ પ્રગતિ છતાં, ભારતના શ્રમિકોમાં મહિલાઓની ભાગીદારી ઘટી રહી છે.

મેકેન્ઝી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ (એમજીઆઈ)નો અંદાજ છે કે ભારત ૨૦૨૫ સુધીમાં ૬૮ મિલિયન મહિલાઓને વર્કફોર્સમાં ઉમેરીને ૦.૭ ટ્રિલિયન યુએસડી સુધી તેની જીડીપી વધારી શકે છે. વિશ્વ બેંક જણાવે છે કે ભારત કામના સ્થળે ૫૦% મહિલાઓ દ્વારા તેનો જીડીપી દર લગભગ ૧.૫% વધારી શકે છે. જો કે, હાલની સ્થિતિ દર્શાવે છે કે અર્થતંત્રમાં ભારતીય મહિલાઓનું યોગદાન જીડીપીના માત્ર ૧૭% છે, જે વૈશ્વિક સરેરાશ કરતા ઘણું ઓછું છે.

સંશોધન દર્શાવે છે કે ઓછામાં ઓછી એક મહિલા સ્થાપક ધરાવતા વ્યવસાયો એક સમાવિષ્ટ વર્ક એન્વાર્યમેન્ટને પ્રોત્સાહન આપે છે, જે પુરુષો કરતાં ત્રણ ગણી વધુ મહિલાઓને રોજગારી આપે છે અને સંચિત આવકના ૧૦% પેદા કરે છે.

દેશમાં તમામ નોકરીઓમાં માત્ર ૨૦% પર જ મહિલાઓ માલિકી ધરાવે છે. આ એકમોમાંથી, ૮૨% માઈક્રો-યુનિટ્સ તરીકે ઓળખાય છે, જેઓ એકમાત્ર માલિક તરીકે કાર્યરત છે અને તે પણ મોટે ભાગે અનૌપચારિક ક્ષેત્રમાં. કુલ ૮.૦૫ લાખ મહિલાઓની આગેવાની હેઠળના એકમોમાંથી લગભગ ૬.૩૬ લાખ એકમો સપોર્ટ, ઉત્પાદન અને રિટેલ વેપાર સાથે સંકળાયેલા છે. અભ્યાસ એ પણ દર્શાવે છે કે ઉપલબ્ધ આંકડા મહિલાઓ દ્વારા કરાતી વાસ્તવિક કામગીરીને વધારે પડતી દર્શાવતા હોય છે; કદાચ મહિલાઓની માલિકીના તરીકે જણાવેલા ૧૦%થી ૩૦% વ્યવસાયો ખરેખર મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા નથી.

### એક વ્યાખ્યા જેના પર વિચારણા કરવાની જરૂર છે

ભારત સરકારના જણાવ્યા મુજબ, મહિલા સંચાલિત એકમો એવા છે કે જેની માલિકી અને નિયંત્રણ એક મહિલા દ્વારા કરવામાં આવે છે, જેમાં ઓછામાં ઓછા ૫૧% મૂડીનું નાણાંકીય હિત હોય છે અને તે મહિલાઓને પેદા થતી રોજગારીના ઓછામાં ઓછી ૫૧% રોજગારી પ્રદાન કરે છે. આ વ્યાખ્યા જે નીતિ ક્ષેત્રમાં, નાણાંકીય સંસ્થાઓ દ્વારા અને માઈક્રોફાઈનાન્સિંગ એજન્સીઓ દ્વારા વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે તે ગ્રામીણ અથવા વંચિત વર્ગની ઘણી સ્ત્રીઓને ભાગ્યે જ લાગુ પડે છે અને તેથી આ મહિલાઓનો મોટો હિસ્સો તેમના વ્યવસાયો ચલાવવા છતાં ઉદ્યોગસાહસિકતાના વર્ણનના કાર્યક્ષેત્રની બહાર છે.

### શું કરવાની જરૂર છે?

આ મહિલાઓને માત્ર વધારાના પૈડાં તરીકે નહીં પરંતુ મુખ્ય ચક્ર તરીકે ઓળખવી જોઈએ. એ સ્વીકારવું અગત્યનું છે કે કૌટુંબિક વ્યવસાય માત્ર તાતા અથવા રિલાયન્સ જેવી કંપનીઓ નથી, આ સમય છે કે આપણે નાના ગ્રામીણ/અર્ધ-શહેરી પરિવારોને સ્વીકારીએ. ભારતની સામાજિક, આર્થિક અને પારિસ્થિતિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મહિલા ઉદ્યોગસાહસિકતાના દાખલાનો પુનઃઉચ્ચાર કરવો જોઈએ. આમ થશે માત્ર ત્યારે જ સમગ્ર ઈકોસિસ્ટમ વધુ મહિલાઓની આગેવાની હેઠળના વ્યવસાયો સાથે ચમકશે.

**-બૈશાલી મિત્રા આસિસ્ટન્ટ પ્રોફેસર:**
બિઝનેસ કમ્યૂનિકેશન, ઈડીઆઈઆઈ